# મેકઅપમાં કલર્સને કરો બેલેન્સ




## આઉટફિટના કલર

**મેકઅપ માત્ર ચહેરાને નિખારવાની રીત નથી પરંતુ પર્સનાલિટી અને સ્ટાઇલને એક્સપ્રેસ કરવાની પણ એક ખૂબસૂરત રીત છે. જો બ્લશ, લિપસ્ટિક અને આઇશેડોના રંગો વચ્ચે સંતુલન ન હોય તો ખૂબસૂરત મેકઅપ પણ જરૂરત કરતાં વધારે ભડકીલો દેખાઈ શકે છે. કલર્સ બેલેન્સ કરવાનો અર્થ એ નથી કે મેકઅપમાં હંમેશાં લાઇટ કલર્સનો ઉપયોગ જ કરવામાં આવે. કયા અવસરે, કયો રંગ, કેટલો વાપરવાનો છે એની સમજ પણ જરૂરી છે. જો આંખને બોલ્ડ રાખવી હોય તો હોઠને સટલ રાખી શકાય અને જો લિપસ્ટિક ડાર્ક હોય તો આઇ મેકઅપ લાઇટ રાખી લુકને એલિગન્ટ બનાવી શકાય છે. એ જ રીતે આઉટફિટ જો બ્રાઇટ કે હેવી હોય તો મેકઅપમાં ન્યૂટ્રલ કલર્સનો ઉપયોગ કરી શકાય છે. મેકઅપમાં કલર્સનું યોગ્ય બેલેન્સ લુકને ખૂબસૂરત અને એલિગન્ટ બનાવવામાં મુખ્ય ભૂમિકા ભજવે છે. છે. મેકઅપ કરતી વખતે તમે કેવી રીતે કલર્સ બેલેન્સ કરી શકો?**



મેકઅપ શરૂ કરતા પહેલાં તમારા આઉટફિટના રંગ પર ધ્યાન આપો. જો કપડાંનો રંગ રોયલ બ્લૂ, ફ્યુશિયા, રેડ, ઓરેન્જ કે એમરાલ્ડ ગ્રીન જેવો બહુ બ્રાઈટ હોય તો ચહેરા પર વધારે પડતાં રંગોનો ઉપયોગ કરવાનું ટાળો. આવા આઉટફિટ્સ પોતે જ ઘણો સ્ટેટમેન્ટ લુક આપે છે. જો રોયલ બ્લૂ સાડી સાથે ન્યૂડ કે રોઝી પિંક લિપસ્ટિક, લાઈટ બ્લશ અને સોફ્ટ બ્રાઉન આઈશેડો કરવામાં આવે તો એ ખૂબસૂરત લાગશે. પેસ્ટલ કે લાઈટ આઉટફિટ સાથે થોડો બોલ્ડ આઈ કે લિપ કલર્સનો ઉપયોગ કરી શકાય. જો આઉટફિટ પર હેવી એમ્બ્રોઈડરી, સિક્વન્સ કે મલ્ટીકલર ડિઝાઈન હોય તો મેકઅપમાં એ જ કલરનો ઉપયોગ કરવાની જરૂર નથી. આઉટફિટના કોઈ એક મુખ્ય રંગને પસંદ કરી એને મેકઅપમાં સામેલ કરો.

## આંખના મેકઅપને સંતુલિત રાખો

આઈશેડો ચહેરાના આખા લુકને બદલી શકે છે પરંતુ એની પસંદગી કરતી વખતે માત્ર આઉટફિટનો રંગ નહિ પરંતુ મેકઅપના બાકીના કલરનું પણ ધ્યાન રાખવું જોઈએ. જો તમારો આઉટફિટ પિંક કે પેસ્ટલ શેડનો હોય તો રોઝ ગોલ્ડ, શેમ્પેન, સોફ્ટ બ્રાઉન અથવા મોવ આઈશેડો સારો વિકલ્પ હોઈ શકે છે. ગ્રીન કે બ્લૂ આઉટફિટ સાથે બ્રોન્ઝ, ગોલ્ડ કે બ્રાઉન ટોન આંખને ખૂબસૂરત ડેફિનેશન આપે છે. પાર્ટી માટે તૈયાર થતાં હો અને આઉટફિટ ઘણો સિમ્પલ હોય તો આઈ મેકઅપમાં થોડો એક્સપરિમેન્ટ કરી શકાય. સ્મોકી આઈ, મેટલિક શેડ કે શિમરી આઈશેડો લુકને ગ્લેમરસ બનાવી શકે છે. અલબત્ત, આંખ પર એક સાથે વધારે કલર ન લગાડો. બે-ત્રણ કૉમ્પ્લીમેન્ટરી શેડ્સ બ્લેન્ડ કરી કરેલો મેકઅપ એલિગન્ટ દેખાય છે.

## બોલ્ડ લિપસ્ટિકને બનાવો સ્ટાઇલ સ્ટેટમેન્ટ

ઘણી વાર માત્ર એક સારો લિપ કલર જ આખા લુકને ખાસ બનાવવા માટે પૂરતો છે. રેડ, ડીપ મરૂન, પ્લમ, બરગંડી કે બ્રીક જેવા શેડ્સ ચહેરા પર સારા લાગે છે. પરંતુ બોલ્ડ લિપસ્ટિક લગાવતી વખતે બાકીનો મેકઅપ બેલેન્સ રાખવો જરૂરી છે. જો લિપ્સ પર બ્રાઈટ રેડ હોય તો આંખ પર સોફ્ટ બ્રાઉન કે શેમ્પેન શેડનો ઉપયોગ કરો. બ્લશ પણ વધારે પડતું પિન્ક કે રેડ ન રાખો, એ જ રીતે ડીપ પ્લમ કે બરગંડી લિપસ્ટિક સાથે સોફ્ટ કંટૂર અને ન્યૂટ્રલ આઈ મેકઅપ સારો લાગશે.

## બ્લશનો રંગ નજરઅંદાજ ન કરો

બ્લશને મોટે ભાગે મેકઅપમાં અંડરરેટેડ પાર્ટ માનવામાં આવે છે પરંતુ એ યોગ્ય રંગ આખા લુકને બેલેન્સ કરવામાં મહત્ત્વપૂર્ણ ભૂમિકા ભજવે છે. બ્લશની પસંદગી લિપસ્ટિક અને આઉટફિટ બંને સાથે મેચ થતી હોવી જોઈએ. પિંક કે ન્યૂટ્રલ શેડના આઉટફિટ સાથે ન્યૂડ કે સોફ્ટ પીચ, કોરલ કે ઓરેન્જ ટોનવાળા આઉટફિટ સાથે પીચી બ્લશ



ચહેરાને વોર્મ અને ફ્રેશ લુક આપે છે. જો તમે રેડ કે બરગંડી લિપસ્ટિક લગાડી હોય તો બ્લશ લાઈટ રાખવું બહેતર છે. ચહેરા પર માત્ર નેચરલ ફલશ જેવી ઈફેક્ટ આપવા થોડું બ્લશ લગાડો.

## બોલ્ડ આઇ મેકઅપ સાથે ન્યૂડ લિપ્સ

જો આંખોને તમારા લુકનું આકર્ષણનું કેન્દ્ર બનાવવી હોય તો લિપસ્ટિક સોફ્ટ રાખજો. સ્મોકી આઈ, વિંગ્ડ આઈલાઈનર કે શિમરી આઈશેડો સાથે ન્યૂડ, પીચ, રોઝ કે સોફ્ટ પિંક લિપ કલર ખૂબસૂરત લાગે છે. આ મેકઅપ ઓવરડન નથી લાગતો. પાર્ટી કે ઈવનિંગ લુકમાં આ કોમ્બિનેશન ઘણું ક્લાસી દેખાય છે. જો આંખો પર બ્લેક કે ડાર્ક બ્રાઉન સ્મોકી આઈ લુક ક્રિયેટ કર્યો હોય તો બહુ ડાર્ક લિપસ્ટિક લગાડવાથી ચહેરો જરૂરત કરતાં વધારે હેવી લાગી શકે છે. એવામાં ન્યૂડ કે મ્યુટેડ લિપ શેડ બહેતર વિકલ્પ છે.



## મોનોક્રોમ મેકઅપથી મેળવો એલિગન્ટ લુક

તમારે કલર બેલેન્સ કરવામાં વધારે એક્સપરિમેન્ટ કરવો ન હોય તો મોનોક્રોમ મેકઅપ એક આસાન અને સ્ટાઈલિશ વિકલ્પ છે. એમાં ચહેરાના અલગ અલગ ભાગ પર એક જ કલર ફેમિલીના શેડ્સનો ઉપયોગ કરવામાં આવે છે. ન્યૂડ, પિંક આઈશેડો સાથે રોઝ બ્લશ અને પિંકિશ ન્યૂડ લિપસ્ટિક લગાડી શકાય. એ જ રીતે પીચ આઈશેડો, પીચ બ્લશ અને કોરલ ન્યૂડ લિપસ્ટિક સાથે ફ્રેશ અને સોફ્ટ લુક મેળવી શકાય.

## સ્કિન ટોન

મેકઅપનો કલર પસંદ કરતી વખતે સ્કિન ટોનને ધ્યાનમાં રાખવો પણ જરૂરી છે. દરેક રંગ દરેક સ્કિન ટોન પર એકસરખો લાગતો નથી. વોર્મ અન્ડરટોનવાળી સ્કિન પર પીચ, કોરલ, ગોલ્ડ, બ્રોન્ઝ અને વોર્મ બ્રાઉન જેવા શેડ્સ સારા લાગે છે. કુલ અન્ડરટોન સાથે રોઝ, મોવ, પ્લમ અને બ્લૂ બેઝ્ડ પિંક સારા લગી શકે. ન્યૂટ્રલ અન્ડર ટોનવાળી સ્કિન પર વોર્મ અને કુલ બંને પ્રકારના શેડ્સ સારા લાગે છે.

## કલર બેલેન્સ રૂલ્સ

મેકઅપ કરતી વખતે કેટલાક સરળ નિયમો ધ્યાનમાં રાખી સહેલાઈથી સંતુલિત લુક મેળવી શકાય છે.

» એક જ ફીચર પર ફોકસ કરો. આંખ બોલ્ડ હોય તો લિપ કલર સોફ્ટ રાખો અને લિપ કલર બોલ્ડ હોય તો આંખને ન્યૂટ્રલ રાખો.
» આઉટફિટ, મેકઅપ અને એક્સેસરીઝમાં વધુ પડતો રંગ હોય તો લુક વિખરાયેલો લાગી શકે છે.
» માત્ર યોગ્ય રંગ પસંદ કરવો જ પૂરતું નથી. આઈશેડો અને બ્લશનું સારું બ્લેન્ડિંગ મેકઅપને સ્માર્ટ અને પ્રોફેશનલ ફિનિશ આપે છે. ક્યારેક ક્યારેક આઉટફિટ સાથે એકદમ મેચ થાય એવો મેકઅપ ન કરી કૉમ્પ્લીમેન્ટરી શેડ પસંદ કરી લુકને વધુ ખૂબસૂરત બનાવી શકાય છે.
» ઓફિસ કે ડે લુક માટે સોફ્ટ કલર્સ અને પાર્ટી માટે થોડા બોલ્ડ શેડ્સ પર્ફેક્ટ લાગે છે.